**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અને મિશન સ્કુલ્સ ઓફ એક્સલન્સના લક્ષ્યો મુજબ ગુણવત્તાયુક્ત શિક્ષણના હેતુ માટે દ્વિસ્તરીય સ્વરૂપ સાથે 'શિક્ષક અભિરુચિ કસોટી' (Teacher Aptitude Test– TAT) ના આયોજન બાબત**

**ગુજરાત સરકાર**
**શિક્ષણ વિભાગ**
**ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2022/5921/G**
**સચિવાલય, ગાંધીનગર**
**તા.૨૯/૦૪/૨૦૨૩**

**વંચાણે લીધા:**

૧. શિક્ષણ વિભાગનો તારીખ ૨૦/૫/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૭/૭૭૩/ગ.

૨. શિક્ષણ વિભાગનો તારીખ ૭/૫/૨૦૧૮નો સુધારા ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૭/૭૭૩/ગ.

૩. શિક્ષણ વિભાગનો તારીખ ૧૧ /૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ.

**પ્રસ્તાવના:**

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦માં** વિદ્યાર્થીઓને ૨૧મી સદીના કૌશલ્યો જેવાં કે કમ્યુનિકેશન, ક્રિટિકલ અને ક્રિએટિવ થિંકિંગ, પ્રોબ્લેમ સોલ્વિંગ વગેરે શીખવવાની ભલામણ છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને વ્યાવસાયિક કૌશલ્યો (Vocational Skills) શીખવવાની પણ ભલામણ કરવામાં આવેલી છે. આ માટે વિદ્યાર્થીઓને ભણાવતા શિક્ષકો પણ આવા કૌશલ્યોથી સજ્જ હોય તે આવશ્યક છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ભવિષ્યમાં એવા શિક્ષકોની જરૂર પડશે કે જેઓ સાક્ષરી વિષયો ઉપરાંત કેટલાક આંતરશાખાકીય અને બહુશાખાકીય કૌશલ્યો (Inter-Disciplinary and Multi-Disciplinary Skill Set) ધરાવતા હોય એટલે કે વિજ્ઞાનના સ્નાતક પાસે સાહિત્યનું જ્ઞાન હોય, વાણિજ્યના સ્નાતક પાસે વિજ્ઞાનનું જ્ઞાન હોય, વિનયનના સ્નાતક પાસે વાણિજ્યનું પણ જ્ઞાન હોય તેવા શિક્ષકોની જરૂરીયાત ઉપસ્થિત થશે. આવા શિક્ષકો પોતાના સાક્ષરી વિષયની તજજ્ઞતાની સાથે સાથે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસમાં જરૂરી એવા કોમ્પ્યુટર, વ્યાવસાયિક શિક્ષણ, ચિત્ર, સંગીત, કલા, ખેલકુદ વગેરે જેવા કૌશલ્યો પણ શીખવવા સક્ષમ હશે. **બદલાતા જતા શૈક્ષણિક વિશ્વમાં આગામી સમયમાં શિક્ષકોએ સતત નવું નવું શીખવાની અનિવાર્યતા ઊભી થયેલ છે. સાથે સાથે બદલાતા શૈક્ષણિક પરિપ્રેક્ષ્યમાં આવનારા સમયમાં શાળાઓમાં શીખવવાના થતાં વિષયો અને વિષયવસ્તુમાં થનારા ફેરફારોને પહોંચી વળવા વિદ્યાર્થીઓ તથા શિક્ષણના હિતમાં ઉપરોક્ત કૌશલ્યો ધરાવતા શિક્ષકોને ઓળખવાની એક ચોક્કસ પદ્ધતિ વિકસાવવી જરૂરી છે.**

બદલાતા જતા શૈક્ષણિક પરિપ્રેક્ષ્યમાં શિક્ષક પ્રતિભાશાળી હોય અને તેમની પાસે ત્રિભાષા સૂત્ર મુજબની ભાષાઓ પર પ્રભુત્વ હોય તે પણ જરૂરી છે. આવા વિશિષ્ટ કૌશલ્ય ધરાવતા શિક્ષકોને ઓળખવા માટેની પ્રક્રિયા પણ વધુ સઘન હોય તે જરૂરી છે. સબબ ઉપર જણાવ્યા

EDUCATION DEPARTMENT * GOVT. OF GUJARAT *

મુજબના **જ્ઞાન, આંતરશાખાકીય અને બહુશાખાકીય કૌશલ્યો (Inter-Disciplinary and Multi-Disciplinary Skill Set) ધરાવતા ઉમેદવારોને ઓળખવા એક ચોક્કસ પરીક્ષા પદ્ધતિ ઊભી કરવાનું સરકારશ્રીની વિચારણા હેઠળ હતું.** જે પરત્વે વિભાગ દ્વારા તા.૧૯/૦૭/૨૦૧૯ના ઠરાવથી રાજ્યની સરકારી તથા બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટે લેવામાં આવતી શિક્ષક અભિરૂચિ કસોટી-માધ્યમિક(TAT-માધ્યમિક), શિક્ષક અભિરૂચિ કસોટી-ઉચ્ચતર માધ્યમિક(TAT-ઉચ્ચતર માધ્યમિક)ના માળખામાં ફેરફાર કરવા માટે સમિતિની રચના કરવામાં આવેલ હતી. ઉક્ત સમિતિ દ્વારા તા.૦૩/૦૮/૨૦૧૯ અને તા.૦૩/૦૯/૨૦૧૯ના રોજ બેઠકનું આયોજન કરેલ હતું. આ બેઠકોમાં થયેલ વિચારણા અનુસાર સમિતિ દ્વારા તા.૩૦/૧૧/૨૦૧૯ના પત્રથી અહેવાલ રજૂ કરવામાં આવેલ હતો. આ બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અને મિશન સ્કુલ્સ ઓફ એક્સલન્સના લક્ષ્યો મુજબ ગુણવત્તા યુક્ત શિક્ષણના હેતુ સિદ્ધ કરવા માટે ઉમેદવારોની ક્ષમતા ચકાસવા માટે સમયાંતરે દ્વિસ્તરીય સ્વરૂપ સાથે **'શિક્ષક અભિરુચિ કસોટી' (Teacher Aptitude Test– TAT)** નું આયોજન કરવા આથી ઠરાવવામાં આવે છે. આ 'શિક્ષક અભિરુચિ કસોટી' માટે નીચે મુજબની કાર્યપ્રણાલી અનુસરવાની રહેશે.

**૧. શિક્ષક અભિરુચિ કસોટીઓ:**

ગુજરાત રાજ્યમાં નોંધાયેલી સરકારી અને ખાનગી માધ્યમિક શાળાઓમાં તથા સરકારી અને ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકેની ઉમેદવારી કરવા માટે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે નીચે મુજબની શિક્ષક અભિરુચિ કસોટીઓ લેવામાં આવશે.

અ) શિક્ષક અભિરુચિ કસોટી (માધ્યમિક)
બ) શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચતર માધ્યમિક)

શિક્ષક અભિરુચિ કસોટી (માધ્યમિક) અને શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચતર માધ્યમિક) માટેની લાયકાત ધરાવતા ઉમેદવાર ઈચ્છે તો ઉપરોક્ત બન્ને કસોટીઓ આપી શકશે.

**૨. આયોજન:**

'શિક્ષક અભિરુચિ કસોટી'નું આયોજન રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે. શિક્ષક અભિરુચિ કસોટી માટેના નીતિનિયમો, સૂચનાઓ તથા માર્ગદર્શક બાબતો અંગેનું સાહિત્ય રાજ્ય પરીક્ષા બોર્ડ તૈયાર કરશે. 'શિક્ષક અભિરુચિ કસોટી'ની પરીક્ષા ફી રાજ્ય પરીક્ષા બોર્ડ વખતોવખત નક્કી કરે તે પ્રમાણે રહેશે.

EDUCATION DEPARTMENT * GOVT. OF GUJARAT *

**૩. કસોટીમાં બેસવા માટે અરજદારોની શૈક્ષણિક લાયકાત:**

**અ) શિક્ષક અભિરુચિ કસોટી (માધ્યમિક):**

નોંધાયેલી સરકારી અને ખાનગી માધ્યમિક શાળાઓમાં સંબંધિત વિષયના શિક્ષક તરીકેની ઉમેદવારી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા નક્કી થયેલ અને તેમાં

વખતો વખત થતા સુધારા વધારા સાથેની શૈક્ષણિક અને તાલીમી લાયકાત ધરાવતા ઉમેદવાર જ આ શિક્ષક અભિરુચિ કસોટી (માધ્યમિક) માટે ઉપસ્થિત થઈ શકશે.

**બ) શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચતર માધ્યમિક):**

નોંધાયેલી સરકારી અને ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સંબંધિત વિષયના શિક્ષક તરીકેની ઉમેદવારી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા નક્કી થયેલ અને તેમાં વખતો વખત થતા સુધારા વધારા સાથેની શૈક્ષણિક અને તાલીમી લાયકાત ધરાવતા ઉમેદવાર જ આ શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચતર માધ્યમિક) માટે ઉપસ્થિત થઈ શકશે.

**૪. કસોટીના વિષયો:**

**અ) શિક્ષક અભિરુચિ કસોટી (માધ્યમિક):**

શિક્ષક અભિરુચિ કસોટી (માધ્યમિક) અંતર્ગત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪ની જોગવાઈ અનુસાર માધ્યમિક શાળામાં શીખવવામાં આવતા વિષયોની કસોટી યોજવામાં આવશે. કસોટીના આયોજન સમયે આવશ્યકતા અનુસાર સરકારશ્રીની પૂર્વમંજૂરીથી નવા વિષયો ઉમેરી કે રદ કરી શકાશે.

**બ) શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચતર માધ્યમિક):**

શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચતર માધ્યમિક) અંતર્ગત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪ની જોગવાઈ અનુસાર ઉચ્ચતર માધ્યમિક શાળામાં શીખવવામાં આવતા વિષયોની કસોટી યોજવામાં આવશે. કસોટીના આયોજન સમયે આવશ્યકતા અનુસાર સરકારશ્રીની પૂર્વ મંજૂરીથી નવા વિષયો ઉમેરી કે રદ કરી શકાશે.

**૫. કસોટીનું દ્વિસ્તરીય સ્વરૂપ:**

'શિક્ષક અભિરુચિ કસોટી' પ્રાથમિક અને મુખ્ય એમ દ્વિસ્તરીય સ્પર્ધાત્મક પરીક્ષા સ્વરૂપની રહેશે.

અ) પ્રાથમિક પરીક્ષા: આ પરીક્ષા બહુ વિકલ્પ સ્વરૂપની રહેશે.
બ) મુખ્ય પરીક્ષા: આ પરીક્ષા વર્ણનાત્મક લેખિત સ્વરૂપની રહેશે.

**૬. પ્રાથમિક પરીક્ષા (Preliminary Exam) નું સ્વરૂપ:**

પ્રાથમિક પરીક્ષા ૨૦૦ ગુણની MCQ (Multiple Choice Question) આધારિત હશે. જેમાં ૧૦૦ ગુણનો પ્રથમ ભાગ તમામ ઉમેદવારો માટે એકસરખો રહેશે અને ૧૦૦ ગુણનો બીજો ભાગ જે તે ઉમેદવાર જે વિષય માટે અરજી કરે છે તે વિષય આધારિત હશે. આ કસોટીના બંને વિભાગ ફરજીયાત રહેશે. આ કસોટીના બંને વિભાગનું સળંગ એક જ પ્રશ્નપત્ર રહેશે. MCQ આધારિત આ કસોટીના મૂલ્યાંકનમાં ખોટા જવાબ દીઠ ૦.૨૫ માર્કસનું નકારાત્મક મૂલ્યાંકન (Negative Marking) રહેશે.

EDUCATION DEPARTMENT * GOVT. OF GUJARAT *

**૭. મુખ્ય કસોટી (Mains Exam) નું સ્વરૂપ:**

પ્રાથમિક કસોટીમાં Cut Off કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારો માટે મુખ્ય કસોટી યોજાશે જે વર્ણનાત્મક લેખિત સ્વરૂપની હશે. આ કસોટીમાં પ્રશ્નપત્રોનું માળખું નીચે મુજબ હશે.

**પ્રશ્નપત્ર–૧:** ભાષા ક્ષમતા

અ) ગુજરાતી ભાષા ક્ષમતા (ગુજરાતી માધ્યમ માટે) ૧૦૦ ગુણ

અથવા

બ) હિન્દી ભાષા ક્ષમતા (હિન્દી માધ્યમ માટે) ૧૦૦ ગુણ

અથવા

ક) અંગ્રેજી ભાષા ક્ષમતા (અંગ્રેજી માધ્યમ માટે) ૧૦૦ ગુણ

**પ્રશ્નપત્ર–૨:** વિષયવસ્તુ (Content) અને પદ્ધતિશાસ્ત્ર (Pedagogy) - ૧૦૦ ગુણ

(જે વિષય માટે અરજી કરી હોય તે વિષય અને જે માધ્યમ માટે અરજી કરેલ હોય તે માધ્યમનું પ્રશ્નપત્ર રહેશે)

**નોંધ**: ઉમેદવારે જે માધ્યમની શિક્ષક અભિરુચિ કસોટી ઉતીર્ણ કરેલ હશે તે માધ્યમમાં શૈક્ષણિક કાર્ય થતું હોય તેવી શાળાઓમાં જ શિક્ષક તરીકે નિમણૂક મેળવવા માટે પાત્ર ઠરશે. ત્રણેય માધ્યમની કસોટીના પ્રશ્નપત્ર સરખા/અલગ રહેશે.

**૮. કસોટીનો અભ્યાસક્રમ:**

પ્રાથમિક અને મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ અનુક્રમે પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ મુજબનો રહેશે.

**૯. શિક્ષક અભિરુચિ કસોટીમાં યોગ્યતા પ્રાપ્ત કરવાના ધોરણો:**

અ) પ્રાથમિક પરીક્ષા: રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલ Cut-Off થી વધુ ગુણ પ્રાથમિક પરીક્ષામાં મેળવનાર ઉમેદવાર મુખ્ય પરીક્ષા આપી શકશે.

બ) મુખ્ય પરીક્ષા માટે Cut-Off થી વધુ ગુણ મેળવનાર ઉમેદવારે અલગ થી અરજી કરવાની રહેશે નહીં. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આવા ઉમેદવારોને મુખ્ય પરીક્ષામાં બેસવા માટે ઓળખપત્ર (Hall Ticket) ઓનલાઇન માધ્યમથી આપવામાં આવશે.

ક) મુખ્ય પરીક્ષા: મુખ્ય પરીક્ષામાં ઓછા માં ઓછા ૬૦% ગુણ મેળવેલ ઉમેદવારોને મેરીટ લિસ્ટમાં સમાવેશ કરવામાં આવશે.

**૧૦. શિક્ષક અભિરુચિ કસોટીના મેરીટ લીસ્ટની સમયમર્યાદા:**

શિક્ષક અભિરુચિ કસોટીનું આયોજન સમયાંતરે કરવામાં આવશે. કોઈપણ વર્ષે યોજાયેલ શિક્ષક અભિરુચિ કસોટીના મેરીટ લીસ્ટની માન્યતા અવધિ ત્યારબાદ લીધેલ શિક્ષક અભિરુચિ કસોટીના મેરીટ લીસ્ટ જાહેર કરવામાં આવે ત્યાં સુધીની રહેશે.

EDUCATION DEPARTMENT * GOVT. OF GUJARAT *

**૧૧. શિક્ષક અભિરુચિ કસોટીના મેરીટ લીસ્ટની ઉપયોગિતા બાબત:**

અ) આ કસોટીઓ નોંધાયેલી ખાનગી માધ્યમિક અને સરકારી માધ્યમિક શાળાઓમાં તથા રજિસ્ટર ખાનગી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અને સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકેની ઉમેદવારી કરવા માટે જરૂરી લાયકાત મેળવવા માટેની છે, આ કસોટી/કસોટીઓ પાસ કરવાથી શિક્ષક તરીકેની પસંદગીનો હક્ક પ્રસ્થાપિત થતો નથી.

બ) કોઈપણ યોજના અંતર્ગત કોઈપણ સંસ્થા તેઓના નીતિ-નિયમો અનુસાર યોગ્ય લાગે તો જરૂરિયાત મુજબ આ મેરીટ લીસ્ટનો ઉપયોગ કરી શકશે.

**૧૨. હયાત શિક્ષક અભિરુચિ કસોટી બાબત:**

આ ઠરાવ અમલમાં આવ્યેથી શિક્ષક અભિરુચિ કસોટી અંગેના પ્રવર્તમાન ઠરાવો આપોઆપ રદ થયેલ ગણાશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૨૭/૦૪/૨૦૨૩ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ. કે. ગોહિલ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

**પ્રતિ,**

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(**પત્ર દ્વારા**)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

EDUCATION DEPARTMENT * GOVT. OF GUJARAT *

- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (નિયામકશ્રી શાળાઓની કચેરી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (નિયામકશ્રી શાળાઓની કચેરી મારફત)
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર (ઠરાવ ઓન લાઇન મુકવા સારુ)
- સેકશન અધિકારીશ્રી, ગ.૧/ગ.૨/છ-શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઇલ-૨૦૨૩.
- શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૩.

EDUCATION DEPARTMENT * GOVT. OF GUJARAT *

## પરિશિષ્ટ-૧

### પ્રાથમિક પરીક્ષા (Preliminary Exam)

### માધ્યમિક વિભાગ

- આ કસોટી બે વિભાગમાં રહેશે. વિભાગ-૧માં ૧૦૦ પ્રશ્નો રહેશે તથા વિભાગ-૨ માં ૧૦૦ પ્રશ્નો રહેશે.
- આ કસોટીમાં કુલ ૨૦૦ પ્રશ્નો રહેશે અને પ્રશ્નપત્રનો સળંગ સમય ૧૮૦ મિનીટનો રહેશે.
- આ કસોટી બહુવિકલ્પ સ્વરૂપની (Multiple Choice Question) OMR આધારીત રહેશે.
- આ કસોટીના બંન્ને વિભાગનું સળંગ એક જ પ્રશ્નપત્ર રહેશે.
- દરેક પ્રશ્નનો એક ગુણ રહેશે. દરેક પ્રશ્નના ઉત્તરમાં ચાર વિકલ્પ આપેલા હશે, તેમાંથી સાચો વિકલ્પ પસંદ કરવાનો રહેશે.
- આ કસોટીના મૂલ્યાંકનમાં ખોટા જવાબ દીઠ ૦.૨૫ ગુણ (માઈનસ) નકારાત્મક મૂલ્યાંકન રહેશે.

**વિભાગ- ૧: સામાન્ય અભ્યાસ (૧૦૦ પ્રશ્નો) (૧૦૦ ગુણ)**

(અ) સામાન્ય જ્ઞાન અને શિક્ષણના વર્તમાન પ્રવાહો (૨૦ પ્રશ્નો) (૨૦ ગુણ)

- બંધારણની મૂળભૂત ફરજો (Fundamental duties-Article-51(A)), ગુજરાતી સાહિત્ય, રાજનીતિ અને શાસનતંત્ર (રાજ્ય અને દેશ) પ્રવાહો અને માળખું, વિજ્ઞાન અને ટેકનોલોજી, ખેલકૂદ અને રમતો, મહાન વિભૂતિઓ (દેશ), સંગીત અને કલા, ભારતનો ઇતિહાસ, ભારતની ભૂગોળ, વર્તમાન પ્રવાહો જાણકારી.

(બ) શિક્ષક અભિયોગ્યતા (૩૫ પ્રશ્નો) (૩૫ ગુણ)

(I) શિક્ષણની ફિલસૂફી (૧૦ પ્રશ્નો) (૧૦ ગુણ)

- કેળવણીના હેતુઓ (સામાજિક, વ્યક્તિગત, વિશિષ્ટ), કેળવણીના સ્વરૂપો(ઔપચારીક, અનૌપચારીક, અધિક, નિરંતર, દૂરવર્તી), શિક્ષણની વિચારધારા (આદર્શવાદ, પ્રકૃતિવાદ, વ્યવહારવાદ)

(II) શૈક્ષણિક મનોવિજ્ઞાન (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)

- વૃદ્ધિ અને વિકાસ, તરુણાવસ્થા, શૈક્ષણિક મનોવિજ્ઞાનની પદ્ધતિઓ, વૈયક્તિક ભિન્નતાઓ, અધ્યયન, બુદ્ધિ, બચાવ પ્રયુકિતઓ, પ્રેરણા, વિશિષ્ટ બાળકો, વ્યકિતત્વ, રસ-મનોવલણ, અભિયોગ્યતા.

(III) વર્ગવ્યવહાર અને મૂલ્યાંકન (૧૦ પ્રશ્નો) (૧૦ ગુણ)

- વર્ગવ્યવહાર, મૂલ્યાંકન (બ્લુમ સહિત) અને આંકડાશાસ્ત્ર, શિક્ષણ અને ટેકનોલોજી, ક્રિયાત્મક સંશોધન.

EDUCATION DEPARTMENT * GOVT. OF GUJARAT *

(ક) તાર્કીક અભિયોગ્યતા (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)

(ડ) ગુજરાતી ભાષાકીય પ્રાવીણ્ય (લેખન, વાંચન, કથન, શ્રવણ કૌશલ્ય)(૧૫ પ્રશ્નો)(૧૫ ગુણ)

- વ્યાકરણ (જોડણી, વિરોધી, સમાનાર્થી, શબ્દસમૂહ માટે એક શબ્દ, વિરામ ચિન્હો, અનેકાર્થી, પર્યાયી શબ્દો વિગેરે), સંક્ષેપ લેખન, સારગ્રહણ, ભૂલશોધ અને સુધારણા, શીર્ષક, સારાંશ.

(ઇ) અંગ્રેજી ભાષાની જાણકારી (ધોરણ-૧૨ સુધી) (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)

- સામાન્ય વ્યાકરણ, ભાષાંતર, સ્પેલીંગ સુધારણા કરવી, શબ્દ રચના, ચિત્ર આધારીત પ્રશ્નો વગેરે.

**વિભાગ-૨ ખાસ વિષયની કસોટી (૧૦૦ પ્રશ્નો) (૧૦૦ ગુણ)**

(અ) વિષયવસ્તુ (૮૦ પ્રશ્નો) (૮૦ ગુણ)

-સંબંધિત વિષયના ધોરણ-૯ થી ૧૦ના ગુજરાત રાજ્યના પાઠ્યપુસ્તકનો અભ્યાસક્રમ.

-પરીક્ષાના અભ્યાસક્રમની વિષયવસ્તુની કઠિનતા સ્નાતક કક્ષાની રહેશે.

(બ) વિષયવસ્તુ આધારીત પદ્ધતિના પ્રશ્નો (૨૦ પ્રશ્નો) (૨૦ ગુણ)

**પરીક્ષાનું માધ્યમ:**

આ કસોટી ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણ માધ્યમમાં યોજવામાં આવશે. ઉમેદવાર ત્રણેય પૈકી કોઈપણ માધ્યમ પસંદ કરી શકશે. તેઓએ જે માધ્યમમાં પ્રાથમિક પરીક્ષા પાસ કરી હશે એજ માધ્યમમાં મુખ્ય કસોટી આપવાની રહેશે.

## <u>ઉચ્ચતર માધ્યમિક વિભાગ</u>

- આ કસોટી બે વિભાગમાં રહેશે. વિભાગ-૧માં ૧૦૦ પ્રશ્નો રહેશે તથા વિભાગ-૨ માં ૧૦૦ પ્રશ્નો રહેશે.
- આ કસોટીમાં કુલ ૨૦૦ પ્રશ્નો રહેશે અને પ્રશ્નપત્રનો સળંગ સમય ૧૮૦ મિનીટનો રહેશે.
- આ કસોટી બહુવિકલ્પ સ્વરૂપની (Multiple Choice Question) OMR આધારીત રહેશે.
- આ કસોટીના બંન્ને વિભાગનું સળંગ એક જ પ્રશ્નપત્ર રહેશે.
- દરેક પ્રશ્નનો એક ગુણ રહેશે. દરેક પ્રશ્નના ઉત્તરમાં ચાર વિકલ્પ આપેલા હશે, તેમાંથી સાચો વિકલ્પ પસંદ કરવાનો રહેશે.
- આ કસોટીના મૂલ્યાંકનમાં ખોટા જવાબ દીઠ ૦.૨૫ ગુણ (માઈન્સ) નકારાત્મક મૂલ્યાંકન રહેશે.

EDUCATION DEPARTMENT * GOVT. OF GUJARAT

**વિભાગ- ૧: સામાન્ય અભ્યાસ (૧૦૦ પ્રશ્નો) (૧૦૦ ગુણ)**

(અ) સામાન્ય જ્ઞાન અને શિક્ષણના વર્તમાન પ્રવાહો (૨૦ પ્રશ્નો) (૨૦ ગુણ)

- બંધારણની મૂળભૂત ફરજો (Fundamental duties-Article-51(A)), ગુજરાતી સાહિત્ય, રાજનીતિ અને શાસનતંત્ર (રાજ્ય અને દેશ) પ્રવાહો અને માળખું, વિજ્ઞાન અને ટેકનોલોજી, ખેલકૂદ અને રમતો, મહાન વિભૂતિઓ (દેશ), સંગીત અને કલા, ભારતનો ઇતિહાસ, ભારતની ભૂગોળ, વર્તમાન પ્રવાહો જાણકારી.

(બ) શિક્ષક અભિયોગ્યતા (૩૫ પ્રશ્નો) (૩૫ ગુણ)

(I) શિક્ષણની ફિલસૂફી (૧૦ પ્રશ્નો) (૧૦ ગુણ)

- કેળવણીના હેતુઓ (સામાજિક, વ્યક્તિગત, વિશિષ્ટ), કેળવણીના સ્વરૂપો(ઔપચારીક, અનૌપચારીક, અધિક, નિરંતર, દૂરવર્તી), શિક્ષણની વિચારધારા (આદર્શવાદ, પ્રકૃતિવાદ, વ્યવહારવાદ)

(II) શૈક્ષણિક મનોવિજ્ઞાન (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)

- વૃદ્ધિ અને વિકાસ, તરુણાવસ્થા, શૈક્ષણિક મનોવિજ્ઞાનની પદ્ધતિઓ, વૈયક્તિક ભિન્નતાઓ, અધ્યયન, બુદ્ધિ, બચાવ પ્રયુક્તિઓ, પ્રેરણા, વિશિષ્ટ બાળકો, વ્યક્તિત્વ, રસ-મનોવલણ, અભિયોગ્યતા.

(III) વર્ગવ્યવહાર અને મૂલ્યાંકન (૧૦ પ્રશ્નો) (૧૦ ગુણ)

- વર્ગવ્યવહાર, મૂલ્યાંકન (બ્લુમ સહિત) અને આંકડાશાસ્ત્ર, શિક્ષણ અને ટેકનોલોજી, ક્રિયાત્મક સંશોધન.

(ક) તાર્કીક અભિયોગ્યતા (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)

(ડ) ગુજરાતી ભાષાકીય પ્રાવીણ્ય (લેખન, વાંચન, કથન, શ્રવણ કૌશલ્ય)(૧૫ પ્રશ્નો)(૧૫ ગુણ)

- વ્યાકરણ (જોડણી, વિરોધી, સમાનાર્થી, શબ્દસમૂહ માટે એક શબ્દ, વિરામ ચિન્હો, અનેકાર્થી, પર્યાયી શબ્દો વિગેરે), સંક્ષેપ લેખન, સારગ્રહણ, ભૂલશોધ અને સુધારણા, શીર્ષક, સારાંશ.

(ઇ) અંગ્રેજી ભાષાની જાણકારી (ધોરણ-૧૨ સુધી) (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)

- સામાન્ય વ્યાકરણ, ભાષાંતર, સ્પેલીંગ સુધારણા કરવી, શબ્દ રચના, ચિત્ર આધારીત પ્રશ્નો વગેરે.

**વિભાગ-૨ ખાસ વિષયની કસોટી (૧૦૦ પ્રશ્નો) (૧૦૦ ગુણ)**

(અ) વિષયવસ્તુ (૮૦ પ્રશ્નો) (૮૦ ગુણ)

-સંબંધિત વિષયના ધોરણ-૧૧ થી ૧૨ના ગુજરાત રાજ્યના પાઠ્યપુસ્તકનો અભ્યાસક્રમ.

-પરીક્ષાના અભ્યાસક્રમની વિષયવસ્તુની કઠિનતા અનુસ્નાતક કક્ષાની રહેશે.

(બ) વિષયવસ્તુ આધારીત પદ્ધતિના પ્રશ્નો (૨૦ પ્રશ્નો) (૨૦ ગુણ)

**પરીક્ષાનું માધ્યમ:**

આ કસોટી ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણ માધ્યમમાં યોજવામાં આવશે. ઉમેદવાર ત્રણેય પૈકી કોઈપણ માધ્યમ પસંદ કરી શકશે. તેઓએ જે માધ્યમમાં પ્રાથમિક પરીક્ષા પાસ કરી હશે એજ માધ્યમમાં મુખ્ય કસોટી આપવાની રહેશે.

EDUCATION DEPARTMENT * GOVT. OF GUJARAT *

**પરિશિષ્ટ-૨**

મુખ્ય કસોટી (Mains Exam)

વર્ણનાત્મક લેખિત સ્વરૂપ

**માધ્યમિક વિભાગ**

**પ્રશ્નપત્ર-૧ :** ભાષા ક્ષમતા (કોષ્ટક-૧ મુજબ).

**અ)** ગુજરાતી ભાષા ક્ષમતા (ગુજરાતી માધ્યમ માટે) ૧૦૦ ગુણ

અથવા

**બ)** હિન્દી ભાષા ક્ષમતા (હિન્દી માધ્યમ માટે) ૧૦૦ ગુણ

અથવા

**ક)** અંગ્રેજી ભાષા ક્ષમતા (અંગ્રેજી માધ્યમ માટે) ૧૦૦ ગુણ

**પ્રશ્નપત્ર-૨ :** વિષયવસ્તુ (Content) અને પદ્ધતિશાસ્ત્ર (Pedagogy) (કોષ્ટક-૨ મુજબ)
(જે વિષય માટે અરજી કરી હોય તે વિષય અને જે માધ્યમ માટે અરજી કરેલ હોય તે માધ્યમનું પ્રશ્નપત્ર રહેશે)

- આ મુખ્ય કસોટીના બે પ્રશ્નપત્રો રહેશે. પ્રશ્નપત્ર-૧ માં ગુજરાતી / હિન્દી / અંગ્રેજી સજ્જતાના ૧૦૦ ગુણ રહેશે તથા પ્રશ્નપત્ર-૨ માં વિષયવસ્તુ અને વિષય પદ્ધતિ સજ્જતાના ૧૦૦ ગુણ રહેશે. આમ આ મુખ્ય પરીક્ષા ૨૦૦ ગુણની રહેશે.
- આ પરીક્ષામાં વિષયવસ્તુનો અભ્યાસક્રમ ધોરણ ૯ થી ૧૦નો રહેશે તેમજ તેમનું કઠિનતા અને અનુબંધ સ્નાતક કક્ષાનું રહેશે.
- પ્રશ્નપત્ર-૧માં ૧૦૦ ગુણ માટેનો સમય ૧૫૦ મિનીટનો રહેશે.
- પ્રશ્નપત્ર-૨માં ૧૦૦ ગુણ માટેનો સમય ૧૮૦ મિનીટનો રહેશે.

**પ્રશ્નપત્ર-૧ ગુજરાતી/હિન્દી સજ્જતા (કોષ્ટક-૧) (૧૦૦ ગુણ)**

| અનુક્રમ | અભ્યાસક્રમ અથવા પ્રશ્ન સ્વરૂપ |
|---|---|
| ૧ | નિબંધ : આશરે ૨૫૦ થી ૩૦૦ શબ્દોમાં (વર્ણનાત્મક વિશ્વેષાત્મક, ચિંતનાત્મક /સાંપ્રત સમય પર આધારિત) |
| ૨ | સંક્ષેપીકરણ આપેલ ગદ્યમાંથી આશરે ૧/૩ ભાગમાં તમારા શબ્દોમાં સંક્ષેપ |
| ૩ | પત્રલેખન : (આશરે ૧૦૦ શબ્દોમાં)<br>(અભિનંદન/શુભેચ્છા/વિનંતી/ફરિયાદ વગેરે) |
| ૪ | ચર્ચાપત્ર (આશરે ૨૦૦ શબ્દોમાં)<br>(વર્તમાનપત્રમાં પ્રજાના પ્રશ્નો/ સાંપ્રત સમસ્યાઓ વ્યક્તિગત અભિપ્રાય દર્શાવતું ચિત્ર) |
| ૫ | વ્યાકરણ (સૂચવ્યા મુજબ જવાબ લખો) |

EDUCATION DEPARTMENT * GOVT. OF GUJARAT *

| | | |
|---|---|---|
| | 1. રૂઢિપ્રયોગના અર્થ અને વાક્યપ્રયોગ | 2. કહેવતોનો અર્થ |
| | 3. સમાસનો વિગ્રહ અને ઓળખ | 4. છંદ ઓળખાવો |
| | 5. અલંકાર ઓળખાવો | 6. શબ્દસમૂહ માટે એક શબ્દ |
| | 7. જોડણી શુદ્ધિ | 8. લેખન શુદ્ધિ, ભાષા શુદ્ધિ |
| | 9. સંધિ – જોડો કે છોડો | 10. વાક્યરચનાના અંગો/ વાક્યના પ્રકાર વાક્ય પરિવર્તન |

**અથવા**

**પ્રશ્નપત્ર-૧ અંગ્રેજી સજ્જતા (કોષ્ટક-૧) (૧૦૦ ગુણ)**

| અનુક્રમ | અભ્યાસક્રમ અથવા પ્રશ્ન સ્વરૂપ | |
|---|---|---|
| 1 | Report Writing (in about ૨૦૦ words)<br>A report on an official function/ event/ field trip/ survey etc. | |
| 2 | Writing on Visual Information (in about ૧૫૦ words)<br>A report on a graph/image/ flow chart/ table of comparison/simple/ statistical data etc. | |
| 3 | Formal Speech (in about 150 words)<br>A speech (in a formal style) that is to be read out in a formal function. This could be an inauguration speech, an educational seminar/ conference, a formal ceremony of importance etc. | |
| 4 | Application/Letter Writing (in about 150 words) | |
| 5 | Grammar | |
| | 1. Tenses | 2. Voice |
| | 3. Narration (Direct-Indirect) | 4. Transformation of sentences |
| | 5. Use of articles and determiners | 6. Use of Propositions |
| | 7. Use of Phrasal Verbs | 8. Use of idiomatic expressions |
| | 9. Administrative Glossary | 10. Synonyms/Antonyms |
| | 11. One-word substitution | 12. Affixes |
| | 13. Cohesive devices/connectives/ Linkers | 14. Word that cause confusion like homonyms/homophones |

EDUCATION DEPARTMENT * GOVT. OF GUJARAT *

**પ્રશ્નપત્ર-૨ : વિષયવસ્તુ અને વિષય પદ્ધતિ સજ્જતા (કોષ્ટક-૨) (૧૦૦ ગુણ)**

(જે વિષય માટે અરજી કરી હોય તે વિષયનું પ્રશ્નપત્ર રહેશે)

| **અનુક્રમ** | **અભ્યાસક્રમ અથવા પ્રશ્ન સ્વરૂપ** | **ગુણભાર** |
|---|---|---|
| ૧ | મુદ્દાસર જવાબ આપો (૨૦૦ થી ૨૫૦ શબ્દોમાં)<br>પાંચમાંથી કોઇપણ ત્રણ (દરેકના ૦૮ ગુણ) | ૨૪ |
| ૨ | માગ્યા પ્રમાણે જવાબ આપો (૧૫૦ થી ૨૦૦ શબ્દોમાં) છ માંથી કોઇપણ ચાર (દરેકના ૦૬ ગુણ) | ૨૪ |
| ૩ | માગ્યા પ્રમાણે જવાબ આપો (૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં) સાત માંથી કોઇપણ પાંચ (દરેકના ૦૪ ગુણ) | ૨૦ |
| ૪ | એક કે બે વાક્યમાં જવાબ આપો<br>દસ ફરજિયાત (દરેકના ૦૨ ગુણ) | ૨૦ |
| ૫ | હેતુલક્ષી પ્રશ્નો (દરેકના ૦૧ ગુણ)<br>ખાલી જગ્યા પૂરો / જોડકાં જોડો/ સાચા-ખોટા / વગેરે (૧૨ ગુણ) | ૧૨ |

**ઉચ્ચતર માધ્યમિક વિભાગ**

**પ્રશ્નપત્ર-૧ :** ભાષા ક્ષમતા (કોષ્ટક-૧ મુજબ).

**અ)** ગુજરાતી ભાષા ક્ષમતા (ગુજરાતી માધ્યમ માટે) ૧૦૦ ગુણ

અથવા

**બ)** હિન્દી ભાષા ક્ષમતા (હિન્દી માધ્યમ માટે) ૧૦૦ ગુણ

અથવા

**ક)** અંગ્રેજી ભાષા ક્ષમતા (અંગ્રેજી માધ્યમ માટે) ૧૦૦ ગુણ

**પ્રશ્નપત્ર-૨ :** વિષયવસ્તુ (Content) અને પદ્ધતિશાસ્ત્ર (Pedagogy) (કોષ્ટક-૨ મુજબ)

(જે વિષય માટે અરજી કરી હોય તે વિષય અને જે માધ્યમ માટે અરજી કરેલ હોય તે માધ્યમનું પ્રશ્નપત્ર રહેશે)

- આ મુખ્ય કસોટીના બે પ્રશ્નપત્રો રહેશે. પ્રશ્નપત્ર-૧ માં ગુજરાતી / હિન્દી / અંગ્રેજી સજ્જતાના ૧૦૦ ગુણ રહેશે તથા પ્રશ્નપત્ર-૨ માં વિષયવસ્તુ અને વિષય પદ્ધતિ સજ્જતાના ૧૦૦ ગુણ રહેશે. આમ આ મુખ્ય પરીક્ષા ૨૦૦ ગુણની રહેશે.
- આ પરીક્ષામાં વિષ્યવસ્તુનો અભ્યાસક્રમ ધોરણ ૧૧ થી ૧૨નો રહેશે તેમજ તેમનું કઠિનતા અને અનુબંધ અનુસ્નાતક કક્ષાનું રહેશે.
- પ્રશ્નપત્ર-૧માં ૧૦૦ ગુણ માટેનો સમય ૧૫૦ મિનીટનો રહેશે.
- પ્રશ્નપત્ર-૨માં ૧૦૦ ગુણ માટેનો સમય ૧૮૦ મિનીટનો રહેશે.

EDUCATION DEPARTMENT * GOVT. OF GUJARAT *

## પ્રશ્નપત્ર–૧ ગુજરાતી/હિન્દી સજ્જતા (કોષ્ટક–૧) (૧૦૦ ગુણ)

| અનુક્રમ | અભ્યાસક્રમ અથવા પ્રશ્ન સ્વરૂપ | |
|---|---|---|
| ૧ | નિબંધ : આશરે ૨૫૦ થી ૩૦૦ શબ્દોમાં (વર્ણનાત્મક વિશ્લેષાત્મક, ચિંતનાત્મક /સાંપ્રત સમય પર આધારિત) | |
| ૨ | સંક્ષેપીકરણ આપેલ ગદ્યમાંથી આશરે ૧/૩ ભાગમાં તમારા શબ્દોમાં સંક્ષેપ | |
| ૩ | પત્રલેખન : (આશરે ૧૦૦ શબ્દોમાં)<br>(અભિનંદન/શુભેચ્છા/વિનંતી/ફરિયાદ વગેરે) | |
| ૪ | ચર્ચાપત્ર (આશરે ૨૦૦ શબ્દોમાં)<br>(વર્તમાનપત્રમાં પ્રજાના પ્રશ્નો/ સાંપ્રત સમસ્યાઓ વ્યક્તિગત અભિપ્રાય દર્શાવતું ચિત્ર) | |
| ૫ | વ્યાકરણ (સૂચવ્યા મુજબ જવાબ લખો) | |
| | 1. રૂઢિપ્રયોગના અર્થ અને વાક્યપ્રયોગ | 2. કહેવતોનો અર્થ |
| | 3. સમાસનો વિગ્રહ અને ઓળખ | 4. છંદ ઓળખાવો |
| | 5. અલંકાર ઓળખાવો | 6. શબ્દસમૂહ માટે એક શબ્દ |
| | 7. જોડણી શુદ્ધિ | 8. લેખન શુદ્ધિ, ભાષા શુદ્ધિ |
| | 9. સંધિ – જોડો કે છોડો | 10. વાક્યરચનાના અંગો/ વાક્યના પ્રકાર વાક્ય પરિવર્તન |

**અથવા**

## પ્રશ્નપત્ર–૧ અંગ્રેજી સજ્જતા (કોષ્ટક–૧) (૧૦૦ ગુણ)

| અનુક્રમ | અભ્યાસક્રમ અથવા પ્રશ્ન સ્વરૂપ | |
|---|---|---|
| 1 | Report Writing (in about 200 words)<br>A report on an official function/ event/ field trip/ survey etc. | |
| 2 | Writing on Visual Information (in about 150 words)<br>A report on a graph/image/ flow chart/ table of comparison/simple/ statistical data etc. | |
| 3 | Formal Speech (in about 150 words)<br>A speech (in a formal style) that is to be read out in a formal function. This could be an inauguration speech, an educational seminar/ conference, a formal ceremony of importance etc. | |
| 4 | Application/Letter Writing (in about 150 words) | |
| 5 | Grammar | |
| | 1. Tenses | 2. Voice |
| | 3. Narration (Direct-Indirect) | 4. Transformation of sentences |
| | 5. Use of articles and determiners | 6. Use of Propositions |
| | 7. Use of Phrasal Verbs | 8. Use of idiomatic expressions |
| | 9. Administrative Glossary | 10. Synonyms/Antonyms |

EDUCATION DEPARTMENT * GOVT. OF GUJARAT *

| | | |
|---|---|---|
| | 11. One-word substitution | 12. Affixes |
| | 13. Cohesive devices/connectives/ Linkers | 14. Word that cause confusion like homonyms/homophones |

**પ્રશ્નપત્ર–૨ : વિષયવસ્તુ અને વિષય પદ્ધતિ સજ્જતા (કોષ્ટક–૨) (૧૦૦ ગુણ)**

(જે વિષય માટે અરજી કરી હોય તે વિષયનું પ્રશ્નપત્ર રહેશે)

| અનુક્રમ | અભ્યાસક્રમ અથવા પ્રશ્ન સ્વરૂપ | ગુણભાર |
|---|---|---|
| ૧ | મુદ્દાસર જવાબ આપો (૨૦૦ થી ૨૫૦ શબ્દોમાં)<br>પાંચમાંથી કોઇપણ ત્રણ (દરેકના ૦૮ ગુણ) | ૨૪ |
| ૨ | માગ્યા પ્રમાણે જવાબ આપો (૧૫૦ થી ૨૦૦ શબ્દોમાં) છ માંથી કોઇપણ ચાર (દરેકના ૦૬ ગુણ) | ૨૪ |
| ૩ | માગ્યા પ્રમાણે જવાબ આપો (૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં) સાત માંથી કોઇપણ પાંચ (દરેકના ૦૪ ગુણ) | ૨૦ |
| ૪ | એક કે બે વાક્યમાં જવાબ આપો<br>દસ ફરજિયાત (દરેકના ૦૨ ગુણ) | ૨૦ |
| ૫ | હેતુલક્ષી પ્રશ્નો (દરેકના ૦૧ ગુણ)<br>ખાલી જગ્યા પૂરો / જોડકાં જોડો / સાચા-ખોટા / વગેરે (૧૨ ગુણ) | ૧૨ |

EDUCATION DEPARTMENT * GOVT. OF GUJARAT *